ગાંધીનગર સમાચાર

# રાજ્યમાં આગામી ર૬મીથી રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ



ચપટી ભરી ચોખાને ઘીનો છે દીવડો - નવરાત્રિ પર્વની ઉજવણી અંતિમ ચરણમાં પ્રવેશી છે ત્યારે ગરબા ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમે છે... લાંબા સમય સુધી રાહ જોયા બાદ નવરાત્રિની ઉજવણીની ખેલૈયાઓ તૈયારીઓ કરતા હોય છે... અવનવા પરિવેશમાં વૈવિધ્યપૂર્ણ નૃત્ય શૈલીમાં ગરબા કરતા ખેલૈયાઓને નિહાળવાનો પણ એક લ્હાવો હોય છે... ગરબામાં મસ્ત બની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પર્વની ઉજવણીમાં જોડાતા ગાંધીનગરના યુવાનોની અદભૂત પ્રસ્તુતિ યાદગાર બનતી જાય છે.... (તસવીર : પરમ ક્રિએશન)

## નવરાત બાદ શહેરના માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે

**નગરના ઘ-માર્ગને પણ ટનાટન બનાવી દેવાશે : નવરાત બાદ રસ્તાઓની સુધારણાનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૮

શહેરમાં રસ્તાઓની સુધારણાનુ કામ નવરાત પછી શરૂ કરવામાં આવશે. શહેરના મુખ્ય ઘ માર્ગ તેમજ રોડ નં-૬ અને ઈન્ફોસિટી અને જી આઈ ડી સી વિસ્તારમાં માર્ગ નવિનીકરણનુ કામ શરૂ કરવામાં આવશે. તબક્કાવાર રસ્તાઓનુ કામ પુર્ણ કરાશે. માર્ગ સુધારણાની કામગીરી ત્રણ માસમાં પુર્ણ કરી દેવાશે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રસ્તાઓ ઉબડ ખાબડ જોવા મળી રહયા છે. જયારે વરસાદી દિવસો દરમિયાન નગરના મુખ્ય ઘ માર્ગની હાલત તદન બદતર જોવા મળી રહી છે. જયારે જી આઈ ડી સી વિસ્તારમાં વર્ષોથી રસ્તાઓની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જેના પરિણામે આ વિસ્તારમાં રસ્તાઓ અદ્રશ્ય થઈ ગયા હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. આ ઉપરાંત ઈન્ફોસિટી તરફ જવાના માર્ગની હાલત પણ અત્યંત ખરાબ છે. શહેરમાં રસ્તાઓના સુધારણાનુ બાકી કામ પુર્ણ કરવા કોર્પોરેશન દ્વારા પાટનગર યોજના વિભાગને રૂ ૧ ર કરોડની ફાળવણી કરવામાં આવી છે. જયારે આ અન્વયે તંત્ર દ્વારા સરકારી પ્લાન્ટના આધારે રસ્તાઓનુ કામ હાથ ધરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં નગરના મુખ્ય ઘ માર્ગનુ કામ ટુંકમાં શરૂ કરી દેવામાં આવશે. નગરના ઘ માર્ગનુ કામ નવરાત બાદ શરૂ કરી દેવામાં આવશે. છેલ્લા ઘણાં સમયથી શહેરના રસ્તાઓની હાલત બિસ્માર બની છે.જયારે નગરના ઘ માર્ગનુ ચોમાસા દરમિયાન ધોવાણ થતા હાલ સદંતર ઉબડ ખાબડ હાલતમાં છે. જેના પરિણામે ડાન્સીંગ માર્ગ પર વાહનચાલકોને હેરનગતિ વેઠવી પડે છે. તંત્ર દ્વારા આખરે લાંબા સમયના અંતે માર્ગોના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવશે.

# પલ્લીના મેળામાં ૪ લાખ કિલો ઘીનો અભિષેક થશે

### બુધવારે પલ્લી મેળામાં ૧૨ લાખથી વધુ ભાવિકો દર્શનનો લાભ લેશે : ભાવિકોની સલામતી અને આરોગ્યને અનુલક્ષીને પણ વિશેષ આયોજન : પ્રતિકાત્મક રૂપે ઘી ચઢાવવા અપીલ

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર નજીકના રૂપાલ ગામમાં આવતીકાલે વરદાયિની માતાનો ભવ્ય પલ્લી મેળો યોજવામાં આવશે.આ વખતે પણ પલ્લી મેળામાં ૧ ર લાખથી પણ વધુ ભાવિકો માતાજીની પલ્લીના દર્શન કરશે. પલ્લી મેળા દરમિયાન ભાવિકો પલ્લીને ૪ લાખ કીલો ઘી નો અભિષેક કરશે. પલ્લીમેળા દરમિયાન પ્રતિકાત્મક રીતે ઘી ચઢાવવા માટે ભાવિકોને અપીલ કરવામાં આવી છે.

રૂપાલ ગામમાં પલ્લી મેળો પાંડવોના સમયકાળથી યોજવામાં આવે છે. પાંચ હજાર વર્ષ જુના પલ્લી મેળાને અનુલક્ષી રૂપાલ વરદાયિની માતા મંદિર દ્વારા દરવર્ષે ભવ્ય આયોજન કરવામાં આવે છે જયારે દેશ વિદેશમાંથી લાખોની સંખ્યામાં આવતા ભાવિકો માટે જરૂરી તમામ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવે છે.આ અંગે માહીતી પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ મામલતદાર શ્રી મોદી તેમજ વરદાયિની માતા મંદિરના મેનેજર અરવિંદ ત્રિવેદી એ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ વખતે પણ તા ૨૧ ઓકટોબરના રોજ પલ્લી મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. પલ્લી મેળા દરમિયાન અંદાજિત ૧ ર લાખ જેટલા ભાવિકો દર્શનનો લાભ લેશે. જયારે પલ્લી પર આશરે ૪ લાખ કીલોથી વધુ ઘીનો અભિષેક કરવામાં આવશે. પલ્લીની નજીક ન જઈ શકનાર ભાવિકો પણ યોગ્ય રીતે દર્શન કરી શકે તે માટે જુદા જુદા ઠેકાણે ૮ જેટલા પ્રોજેકટરો મુકવામાં આવશે.મંદિર પરિસરમાં ૨૪ અને વિવિધ ઠેકાણે પલ્લીનુ રેકર્ડીંગ કરવા માટે ૮ જેટલા કેમેરાથી પણ રૂટને સજ્જ કરી દેવામાં આવ્યો છે. ભાવિકો યોગ્ય અને સલામત

● અનુસંધાન પાન-૭ પર

### પલ્લીમાં નકલી ઘી ના વેચાણ સામે ફોજદારી કાર્યવાહી થશે

રૂપાલ વરદાયની માતાના પલ્લી મહોત્સવમાં ભાવિકો અનોખી અદમ્ય શ્રદ્ધા ધરાવે છે. અને મા ની પલ્લી પર લાખો કિલ્લોનો અભિષેક કરે છે. આ વર્ષે પણ ભાવિકો દ્વારા અંદાજે ૪ લાખ કિલો શુદ્ધ ઘીનો અભિષેક કરવામાં આવશે તેવી શક્યતા છે. ત્યારે બનાવટી ઘીના વેચાણ અને તેને અટકાવવા માટે સ્થળ પર જ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે વ્યવસ્થા ગોઠવી છે.

સ્થળ પર જ ઘી ના નમુના લઈ ચકાસણી માટે અધિકારીઓને ફરજ સોંપવામાં આવી છે. ઉપરાંત નકલી ઘીનું વેચાણ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

### પલ્લી મહોત્સવમાં સલામતી માટે ૧૦૦૦ પોલીસ જવાન તૈનાત રહેશે

ગાંધીનગર નજીક રૂપાલ સ્થિત વરદાયની માતા મંદિરે ૨૧મીના રોજ પરંપરાગત પલ્લી મહોત્સવ યોજાશે. આ પલ્લી મહોત્સવમાં માતાના દર્શનાર્થે ૧ ર લાખથી પણ વધુ ભાવિકો આવવાના હોવાનો અંદાજ મંદિર ટ્રસ્ટને છે. ત્યારે આ પલ્લી મહોત્સવમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ૧૦૦૦ જેટલા પોલીસ જવાનો-કમાન્ડોનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ ઉપરાંત ૨૧મીના રોજ સાંજે ટ્રાફિક જામને પગલે મંદિર આસપાસના તમામ માર્ગો સાંજથી બંધ કરવામાં આવશે. આ કામગીરીમાં ગાંધીનગરના ૧ ર અને દહેગામના ૬ એક્ઝુકેટીવ મેજીસ્ટ્રેટને મુકવામાં આવશે.



### શ્રી જય અંબે પરિવાર દ્વારા કુંવારિકાઓનું પૂજન કરાયું

આસો માસના નોરતાના પવિત્ર દિનોમાં છઠ્ઠા નોરતે શ્રી જય અંબે પરિવરના કાર્યાલય ખાતે દિવ્ય અખંડ જયોત સન્મુખ જગતજનની જગદંબાની આરાધનના ભાગરૂપે પાંચ થી સાત વર્ષની નવ કુંવારિકાઓની નવદુર્ગા રૂપે પૂજા અર્ચના કરવામાં આવી હતી. કુંવારિકાઓને ભેટ અર્પણ કરાઈ હતી. તેમજ સૌ ભાવિક ભકતોએ પ્રસાદનો લાભ લીધો હતો તેમ જય અંબે પરિવારના પ્રમુખ લલિત પટેલે જણાવ્યું હતું.

## રાજ્યમાં આગામી ૨૬મીથી રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ

**મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ઉચ્ચસ્તરીય બેઠકમાં આયોજનને આખરી ઓપ અપાયો**

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સમગ્ર રાજ્યમાં આગામી ૨૬મી ઓક્ટોબરથી ૭ નવેમ્બર દરમિયાન રવિ કૃષિ મહોત્સવ વ્યાપક સ્તરે હાથ ધરવાના આયોજનને આખરી ઓપ ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યો હતો.

રાજ્યમાં આગામી ૨૬મીથી રવી કૃષિ મહોત્સવનો આરંભ કરવામાં આવનાર છે. આ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને રવિ પાકો માટે માર્ગદર્શન આપવામાં આવશે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારે આ વખતે રવિ સીઝનમાં રવી કૃષિ મહોત્સવનો કાર્યક્રમ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

આગામી ૨૬મી ઓક્ટોબરથી ૭મી નવેમ્બર સુધી રાજ્યના દરેક તાલુકા મથકોએ આ મહોત્સવ યોજવામાં આવનાર છે. રવી સીઝનમાં યોજાનાર કૃષિ મહોત્સવમાં ખેડૂતોને રવી સીઝનમાં કયા પાકો વાવવા એ અંગે માર્ગદર્શન આપવામાં આવનાર છે.

આ ઉપરાંત કૃષિ મહોત્સવ દરમ્યાન દરેક તાલુકા મથકોએ ખેડૂત માર્ગદર્શન શિબિર તેમજ બીજ અંગેના વર્કશોપ યોજવામાં આવનાર છે. આ મહોત્સવ દરમ્યાન માત્ર સંમેલનો યોજવામાં આવશે. કૃષિ રથો કાઢવામાં નહી આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર આગામી ૨૬મીથી રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરનાર છે. ત્યારે બીજી બાજુ કપાસ પકવતા ખેડૂતોને કપાસનો પોષણક્ષમ ભવ ન મળતા હોઈ ખેડૂતોમાં નારાજગી ઉઠવા પામી છે.

આગામી રવિ કૃષિ મહોત્સવમાં વિવિધ ખેત ઉત્પાદન વૃદ્ધિની માહિતી, ખાતર, બિયારણ, ટપક સિંચાઈ અને સજીવ ખેતીના માર્ગદર્શન આપતા ૨૦ સ્ટોલ્સ પ્રત્યેક મેળાના સ્થળે પ્રદર્શિત કરવામાં આવનાર છે.

સમગ્ર રવિ કૃષિ મહોત્સવના સફળ જિલ્લા આયોજન માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને તથા તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ રવિ કૃષિ મહોત્સવને આધુનિક કૃષિ ક્રાંતિ સહિત સર્વગ્રાહી કૃષિ કલ્યાણ અભિગમનો સફળત્તમ પ્રયોગ બનાવવા ગહન માર્ગદર્શન આ બેઠકમાં પુરું પાડ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

ભાગ લ્યો રે ભાગ લ્યો - ગ્રામ્ય સંસ્કૃતિમાં જ્યારે બાળકો શાળાએ જતા ત્યારે રિશેષમાં શાળાની બહાર ઉભેલા નાના વેપારીઓ પાસેથી નાસ્તો (ભાગ) લેતા હતા... અત્યારે પણ આવી જ રીતે શાળાની બહાર નાસ્તો વેચવાવાળા રિશેષ પડે અને બાળકો ભાગ લેવા આવે તેની રાહમાં ઉભા હોય છે... પરંતુ નાસ્તાના પ્રકાર અને ગુણવત્તા બદલાયા છે...













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com